## પ્રયત્ન આવકાર્ય, પણ થોડી વધુ કાળજી રાખી શકાઈ હોત ! | રમેશ ર. દવે

[**સંજયદૃષ્ટિ :** શૈલેશ રાવલ, પ્રકા. ફોટોવિઝન એકેડેમી, ૨૦૦૬, ૩૫, મુકેશપાર્ક સોસાયટી, સેટેલાઇટ, અમદાવાદ-૫૧, પૃ. ૮+૧૮૮, કિં. રૂ. ૩૫૦/-]

શૈલેશ રાવલ એકાધિક માર્ગના મુસાફર છે. એમનાં આંખ-હાથ કૅમેરાનાં દોસ્ત છે તો એમનું મન ભાવભાષાની ગલીકૂચીઓમાં લટાર મારતું હોય છે. છબીકાર તરીકે એમની દૃષ્ટિ દસેય દિશાઓમાં પથરાય છે તો એમનું મન, કૅમેરાએ ઝીલેલાં દિશાદશ્યોનાં નર્મમર્મને ભાવસભર ભાષામાં પરોવવા મથે છે.

આમ તો તસવીર એના દર્શક સાથે વૈશ્વિક ભાષામાં ખુદ પોતે જ સંવાદ રચતી હોય છે. અને એમ થાય – એ જ ગનીમત અને ઉપકારક નીવડે કારણ કે કલાકૃતિ અને તેના ભાવક વચ્ચે સધાતો ભાવવિનિમય ઉભયાન્વયી બને છે. પરંતુ કૃતિ અને ભાવકની વચ્ચે વિવેચક પણ પોતાની રીતે અવકાશ ઊભો કરીને પ્રવેશી જતો હોય છે. આમ થાય છે ત્યારે કૃતિનું દર્શન તેના દર્શકે વિવેચકનાં ચશ્માંથી કરવાનું બને છે.

શૈલેશભાઈએ એમના છબીસંગ્રહ 'સંજયદૃષ્ટિ'માંની છબીઓનાં દર્શન-ભાવન માટે એ છબીસંબંધી નાનાં નાનાં ભાષ્ય-સમીક્ષાઓ પણ ઉપલબ્ધ કરાવ્યાં છે. મારી વાત કરું તો – મને, કલાકૃતિ અને મારી વચ્ચે આવું કશું ત્રીજું પરિબળ પોસાતું નથી. તેમ છતાં ક્વચિત્ ભાવક-ભેદને ધ્યાનમાં લઈએ તો આવી નાની નાની છબીનોંધો મદદરૂપ પણ નીવડે કે કેમ ? – એ સવાલ સાથે આ વાતને ચર્ચા માટે ખુલ્લી રાખવી ઘટે... અને એ ભૂમિકાએ, છબીકારે એમની છબીઓમાં અંકિત થયેલી ભાવક્ષણને ચીંધી આપવાનું કામ કર્યું છે તેને પ્રાયોગિક સાહસ તરીકે સ્વીકારવું જોઈએ.

તસવીર અને એનાં મર્મસ્થાનોને ચીંધી આપવા માટેની આ ગદ્યનોંધોના તંગદોર ઉપર ચાલવાની મથામણ કરનારા આ છબીકાર-લેખકે કૅમેરા અને કલમ વિશેની એમની સમજ સ્પષ્ટ કરવા, આરંભે જ નોંધ્યું છે : "કૅમેરા માત્ર સાધન છે. ભાષાને લખાણમાં (કે લખાણને ભાષામાં ?) કંડારવા જેમ કલમની જરૂર પડે છે તેમ ફોટો-ભાષાને કંડારવા કૅમેરા જોઈએ. મોંઘા પ્રકારની હીરાજડિત પેનથી ગુણવત્તાવાળું લખાણ નથી લખાતું. સારી કલમ માત્ર લખાણની સરળતા વધારે છે."

આ છબીલેખસંગ્રહમાં સૌથી પહેલું ધ્યાન દોરાય છે છબી-વિષયોના વૈવિધ્યથી. વળી, આ વૈવિધ્યે કશા વર્ગો-વર્ગીકરણની આણ-દુહાઈ પણ સ્વીકારી નથી ! અહીં નટ-બજાણિયા, બહુરૂપી, કાથોડી વેહ, કાલબેલિયા કહેતા રાજસ્થાની નૃત્ય, માણભટ્ટજી, વહીવંચા બારોટો જેવા વિષયો છે તો વિવિધ પંખીઓની સાથે સીમનો ચોકીદાર શેળો, સૂગરીનાં બચ્ચાં ઈંડાંનો કાળ એવો સર્પ, ખેડૂત-ખેતીની જીવાદોરી સમાણાં ખેતતલાવડી અને આડબંધો, માટીનો ઘડવૈયા કુંભકાર, ધિણોધરની ચિત્રકલા, કચ્છી ઘર-ભૂંગા, મૂષકપૂજામંદિર અને સાસુવહુ – જેવી ભાતીગળ સૃષ્ટિ પણ સમાવાઈ છે.

છબીકારે પોતે પાડેલી તસવીરોની સાથોસાથ જગન મહેતા, પ્રાણલાલ, વિવેક દેસાઈ, જી. એચ. માસ્ટર અને હર્ષ – જેવા છબીકારોએ લીધેલી તસવીરો મૂકી છે અને એવી વિરલ તસવીરો કેમ પાડી શકાય તેની વાત પારિભાષિકતાની પળોજણ વિના જ કરી છે.

વાચકને અહીં સુધી પહોંચાડ્યા પછી, એની જાગ્રત થયેલી જિજ્ઞાસાને સંતોષવા હવે કેટલીક નયનરમ્ય જ નહીં, તેના દર્શકને એકસાથે સ્થંભિત તેમજ વિચલિત પણ કરી મૂકનારી ચંદ તસવીરો વિશે વાત કરવી છે : 'માટીનો ઘડવૈયો' (પૃ. ૨૨)માં મુલાયમ માટીનો પિંડો ચાકડા ઉપર છે અને ચાકડો ગતિશીલ છે પણ ઘૂમતો ચાકડો, મસૃણ મૃતિકા પિંડની મઝા તો કુંભકારની આંગળીઓ અને હથેળી થકી જ છે ! પિંડમાંથી નીપજી આવેલી મટુકી અને માટીથી લેપાયેલી હાથ-હથેળી ઘડીભર ફરી એ પાને નજરને દોરી જાય છે.

'રાષ્ટ્રપ્રેમનો અહેસાસ : રાષ્ટ્રધ્વજ' (પૃ. ૩૬)નું શીર્ષક છબીનું સમ્યક પ્રતીક-પ્રતિનિધિ બનતું નથી પણ એ શીર્ષકને જરા હડસેલીને, રાષ્ટ્રધ્વજ ઉપરથી દર્શક-નજર વિરલ હીંચકામાં બેસી હીંચતી બાળકી પર સ્થિર થશે તો એને દુનિયાની અવ્વલ દરજ્જાની અજાયબી સમા શૈશવનાં દર્શન થશે. પગે પહેરેલી ઘૂઘરમાળથી આરંભાયેલી ચક્ષુયાત્રા કપાળે કરેલી ટીપકી-નજરિયું - સુધી લંબાતાં વચ્ચેના દૃષ્ટિવિરામો નીવડતા હોઠ, નાક-નથડી-ચૂંક અને સમગ્ર ચહેરા ઉપરથી પ્રગટતું ઔત્સુક્ય – વાહ ભૈ વાહ ! પણ આ તસવીરની સાથે મુકાયેલો રાષ્ટ્રભાવના ચીંધતો નિબંધ ન મૂક્યો હોત તો શું ખાટુંમોળું થઈ જાત !

'વહુ સાસુનો કાંટો કાઢે છે...' (પૃ. ૪૮)માં પરંપરા પલટાઈ છે. માથે ધોળા વાળ અને મોંએ કરચલીઓનું જાળું-વાળાં સાસુ પગ પકડીને બેઠાં છે અને યુવાન વહુ કાળજીથી એમના પગે વાગેલો કાંટો કાઢી રહી છે. વૃદ્ધાવસ્થા અને યુવાનીનું આવું યુગપત્ દર્શન અમસ્થું ય દુર્લભ થતું ગયું છે ત્યારે પાડાખાર ધરાવતા સાસુ-વહુના સંબંધમાં આવી મીઠાશભરી માનવતા જોવી ગમે જ ગમે !

'ખેડૂતનું કલ્પવૃક્ષ : આડબંધ' (પૃ. ૯૦) છબીકારે એક ભુલાઈ ગયેલા કૃષિ-સંસ્કાર-પરંપરાનું આ તસવીરમાં સજીવન-સ્મરણ કરાવ્યું છે. ગામ-શહેરમાં આજે પણ ઘણાં સરનામાંઓમાં 'તલાવડી' શબ્દ લખાય-બોલાય છે. ટૂંકમાં, માનવવસાહતની આજુબાજુ નાનીમોટી જળવસાહતો-જળાશયો પણ સહજતયા સરજાતાં હતાં. બંગાળમાં પુકુર પરંપરા આજે પણ છે જ ને ! મોદી સરકાર આજે મહોત્સવોનો પર્યાય બની ગઈ છે – એ વાતની જોડાજોડ કેશુભાઈ-સરકાર એક સમયે, ખેતતલાવડી અને આડબંધથી ગ્રામીણ વિસ્તારોના કાયાકલ્પ માટે મથતી હતી એનું સ્મરણ થાય છે. છબીની સામેના લખાણમાંનું આ વિધાન : કામધેનુ જેવી ખેતતલાવડી અને કલ્પવૃક્ષ જેવો આડબંધ ગુજરાતી ધરતીને હરીભરી બનાવી નંદનવન બનાવી શકે તેટલી તાકાત ધરાવે છે – આ વાત હવે ખેડૂતને સમજાઈ ગઈ છે – છબીકારનો જીવ પણ ચિંતા-ચિંતન કરનારો છે – એની સાહેદી પૂરે છે.

'સીમનો ચોકીદાર : શેળો' (પૃ. ૯૬) એ વિરલ તસવીર છે. એની વિરલતા શેળો દૂધ પીએ છે – એને આભારી નથી બલકે કાંટાળા ગોળ દડા જેવા દેખાતા શેળાનું આંખ-કાન-નાક-મોં સાથેનું મોઢું અહીં દેખાયું છે – એ વિરલ વાત થઈ છે ! શેળાને સીમ-કેડીએ ગોળ ગબડતો પણ જોયો છે અને છબીકારે નોંધ્યું છે તેમ સાપની પૂંછડી મોંમાં પકડીને, પોતાનું મોં કાંટાવાળા શરીરની અંદર સંતાડીને ગોળ દડો થઈ જઈ, સાપ ફેણ-ફૂંફાડા મારતો મારતો મરી ન જાય અણીયાળા કાંટાથી વીંધાઈ-પીંખાઈને ત્યાં સુધી શેળા મહારાજ મોજ કરે ! નોળિયો સર્પદંશથી બચે છે એનાં ગતિ-ચાંચલ્યથી, પણ શેળાને તો સરજનહારે જ આક્રમણ અને

સ્વરક્ષણ માટે કાંટાળો દેહ આપ્યો છે.

'બાળકોની વ્યાધિ : પરીક્ષા' (પૃ. ૧૩૨)નું શીર્ષક અને એની સામેના લેખમાં થયેલી ઉપાધિ-ચિંતાને વેગમાં રાખીને છબીમાં ઝિલાયેલા બે બાલચહેરા, કશુંય બોલ્યા વિના ઘણુંબધું કહી જાય છે એમની આંખો-હોઠની મનોમુદ્રાથી – એ આ છબીને નિરાળી બનાવે છે. બંને શિશુઓનું ભાવવૈવિધ્ય અને ભિન્નતા પણ આસ્વાદ્ય છે.

આટલું લખ્યા પછી નાનું નજરિયું પણ કરી લઉં ? છબીસંગ્રહના પહેલા પાને છપાયેલી ઊંટ-તસવીર વિશે છબીકારે નોંધ્યું છે : ''સામાન્ય નજરથી જોતાં આ તસવીર આંખોને છેતરે છે. મનથી બુદ્ધિપૂર્વક જોશો તો સમજાશે કે તસવીરમાં નજરે દેખાતા ઊંટ એ ઊંટ નથી, ઊંટના પડછાયા છે. સાચા ઊંટની તસવીર આંખને દેખાતી નથી અને છતાં છે.'' – આ વિધાન સાથે સંમત થઈ શકાતું નથી. એ ઊંટ-તસવીર આકાશમાં ઊડતા હેલિકૉપ્ટરથી લેવાઈ છે તે વાત સ્વીકારીએ તો પણ – 'તસવીરમાં નજરે દેખાતા ઊંટ એ ઊંટ નથી, ઊંટના પડછાયા છે...' એ વાતમાં વજૂદ જણાતું નથી. આખા ચિત્રમાં દરેક ઊંટના પગની આસપાસ ઊંટના પડછાયા પડ્યા છે અને એ પડછાયા છે તો ઊંટ પણ છે જ ! છતાં આ અંગે કશી અણસમજ હોય તો ભૂલચૂક લેવીદેવી !

તસવીરોની સાથે મુકાયેલાં લખાણો અને પ્રૂફ કોઈ વાંકદેખા ભાઈબંધને બતાવ્યાં હોત તો નીચે દર્શાવી છે તેવી નમૂનાદાખલ ભૂલો પણ નિવારી શકાઈ હોત –

– 'ગુજરાતની પશ્ચિમ સરહદે તમામ જિલ્લામાં બનવાસી પ્રજાની સમૃદ્ધ સંસ્કૃતિ જીવંત છે. (પૂર્વ ?)

– 'નાનો તોય સિંહનો દાણો' મૂળે નાનો તોય રાય / રાઈનો દાણો – એમ છે અને – નાનું તોય વાઘનું / સિંહનું બચ્ચું – એમ છે.

'સીમનો ચોકીદાર : શેળો' (પૃ. ૯૬)ની બીજી પંક્તિમાં, શેળો હિન્દી ભાષામાં શાહી અને અંગ્રેજીમાં... ....નામે ઓળખાય છે – એમ કહેવાયું છે ત્યાં અંગ્રેજી નામ છપાવાને બદલે કંપોઝિટરે કઋઊંકકઋ કગ્રના એવી કામચલાઉ વ્યવસ્થા કરી છે ત્યાં મૂળ શબ્દ મૂકવો જોઈએ.

– 'કાશ્મીર : એક સમસ્યા' (પૃ. ૮૦), 'રાષ્ટ્રપ્રેમનો અહેસાસ : રાષ્ટ્રધ્વજ' (પૃ. ૩૬) જેવી તસવીરો અને તેના વિશેની નોંધો વચ્ચે ૩૬નો સંબંધ છે તેને પરામર્શનપૂર્વક ૬૩ની સુસંગતતા આપી શકાઈ હોત.

સરવાળે કહેવાનું એટલું જ છે કે પ્રયત્ન અત્યંત આવકાર્ય છે. આરંભ થયો આ પ્રકારે છબી-લેખન-કલાનો એ જ મહત્ત્વનું છે – બાકી તો કહેવાયું છે ને કે ગાય તે વગોવાય ! મૂંગાં બેસી રહે – એને તો કશી ચિંતા-ફિકર-નિસબત જ ક્યાં હોય છે ?